| | |
|---|---|
| PUBLICATION NAME : | Satellite Samachar |
| EDITION : | Ahmedabad |
| DATE : | 04/12/2022 |
| PAGE: | 2 |

# ઈડીઆઈઆઈએ આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસની ઉજવણી કરી; દિવ્યાંગ ઉદ્યોગસાહસિકોનું સન્માન કર્યું




અમદાવાદ, ૩ ડિસેમ્બર, ૨૦૨૨: આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)એ સામાજિક સંરક્ષણ નિયામક અને ગુજરાત સ્ટેટ હેન્ડિકેપ્ડ (દિવ્યાંગ) ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન, સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગ, ગુજરાત સરકાર સાથે જોડાણમાં સેન્ટર ફોર એમ્પાવરમેન્ટ ઓફ ડિફરન્ટલી એબલ્ડ (સીઈડીએ – દિવ્યાંગ સશક્તિકરણ કેન્દ્ર)ની સ્થાપના કરી છે. આજે ઈડીઆઈઆઈએ આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસની ઉજવણી કરી હતી, જેમાં સફળ દિવ્યાંગ ઉદ્યોગસાહસિકોનું સન્માન કર્યું હતું અને તમામ માટે એકસમાન તકો ધરાવતા સર્વસમાવેશક સમાજની જરૂરિયાત વિશે પ્રસિદ્ધ વ્યવસાયિકોએ સંવાદ કર્યો હતો.

આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમ થકી ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના દિવ્યાંગજનોના સશક્તિકરણ વિભાગના સચિવ, આઈએએસ, શ્રી રાજેશ અગ્રવાલ મુખ્ય અતિથિ હતા. વળી આ પ્રસંગે આ મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યાં હતાં:

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગના અંડર સેક્રેટરી, આઈએએસ, શ્રી જયંત કિશોર; ગુજરાત સરકારના પંચાયત વિભાગના અંડર સેક્રેટરી શ્રી યુવરાજ સિદ્ધાર્થ; માઈક્રોસાઈન પ્રોડક્ટ્સના સ્થાપક અને સીઈઓ શ્રી નિશીથ મહેતા (દિવ્યાંગજનોને જ નોકરી આપે છે); ગુજરાત સરકારના સામાજિક ન્યાય નિયામક કચેરીના ડેપ્યૂટી ડિરેક્ટર શ્રી કલ્પેશ વાણિયા અને ચંદીગઢની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનિકલ ટીચર્સ ટ્રેનિંગ એન્ડ રિસર્ચના પ્રોફેસર શ્રી જે એસ સાઈની.

આ પ્રસંગે શ્રી રાજેશ અગ્રવાલે કહ્યું હતું કે, ''સમાજે દિવ્યાંગજનો પ્રત્યેના અભિગમમાં સંવેદના દાખવવી જોઈએ. તેમાં તાલીમ, કૌશલ્ય નિર્માણ અને માર્ગદર્શન દ્વારા સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.